# ગાંધીનગર જિલ્લામાં વિક્રમી ૭૨ ટકા મતદાન

## ગત સામાન્ય ચૂંટણી કરતાં વધુ બે ટકા મતદાન નોંધાયુ : પાંચ જેટલા ઈ.વી.એમ. ખોટવાતાં બદલવા પડ્યા : શાંતિપૂર્ણ મતદાન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજે યોજાયેલ મતદાનમાં ૭૨ ટકા જેટલુ વિક્રમી મતદાન નોંધાયુ છે જે ગત સામાન્ય ચૂંટણી કરતાં બે ટકા વધુ છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકા પંચાયતની ૨૮ અને તાલુકાની ૭૯ બેઠકો માટે આજે મતદાન યોજાયુ હતુ. અગાઉ માણસા તા.પં.માં એક બેઠક બિનહરિફ થઈ હતી.

ગાંધીનગર જિલ્લામાં આજે સવારથી જ મતદારોએ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં વચ્ચે મતદાનના આરંભથી જ રસ દાખવ્યો હતો. બપોરના બે વાગ્યા સુધીમાં ઘણી બધી બેઠકો પર ૫૦ ટકા જેટલુ મતદાન નોંધાઈ ચુક્યુ હતુ.

સાંજના ૫ કલાક સુધીમાં ગાંધીનગર જિલ્લા પંચાયતની બેઠકો પર ૬૭.૨૭ ટકા મતદાન થયુ હતુ. જ્યારે તાલુકા પંચાયતોની ચૂંટણીમાં કલોલમાં ૬૮.૨૫, માણસામાં ૬૭.૨૭, દહેગામમાં ૬૯.૪૧ ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ.

કલોલ નગરપાલિકામાં ૫૫.૮૬ ટકા, દહેગામ ન.પા.માં ૬૫.૦૮ ટકા અને માણસાની પેટા-ચૂંટણીમાં ૪૭.૮૫ ટકા મતદાન નોંધાયુ હતુ.

મતદારોએ સવારથી જ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. મતદારો કોરોનાથી સંક્રમિત ન થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી હતી. મતદાન મથકોમાં હાથ સેનેટાઈઝ્ડ કરવામાં આવતા હતા તેમજ થર્મલ ગનથી સ્કીનીંગ પણ કરવામાં આવતુ હતુ. મતદારના હાથ પર પહેરવા માટે ખાસ કોથળીના હેન્ડ ગ્લોવ્ઝ આપવામાં આવતા હતા.

આજે સવારે મતદાનનો ધીમો આરંભ જરૂર થયો હતો પરંતુ મતદારોએ જેમ જેમ દિવસ ચડતો હતો તેમ તેમ ભારે ઉત્સાહ સાથે મતદાનની પ્રક્રિયામાં ભાગ લીધો હતો.

ન.પા.ની ચૂંટણીમાં મતદારોએ ગ્રામ્ય વિસ્તારની તુલનામાં જે વિક્રમી મતદાન થયુ છે તેને બન્ને પક્ષો તેમની વ્યુહરચના સફળ થઈ હોવાનો દાવો કરી રહ્યા છે.

મતદારો ક્યાંક વાહનોમાં બેસીને આવતા નજરે પડતા હતા તો ક્યાંક પાંચ-દસના ગૃપમાં આવતા નજરે પડતા હતા. મતદારોએ ભારે જાગૃતિના દર્શન કરાવ્યા હતા.

જિલ્લામાં ગત સામાન્ય ચૂંટણી કરતાં બે ટકા જેટલુ વધારે મતદાન થયુ છે. મળતા અહેવાલો પ્રમાણે દહેગામમાં ૭૧.૯૦ ટકા, ગાંધીનગરમાં ૭૧ ટકા, માણસામાં ૭૩ ટકા તો કલોલમાં પણ લગભગ ૭૩ ટકા જેટલુ મતદાન થયુ છે.

મતદારો છેક છેલ્લે સુધી અકળ રહ્યા છે. તેમણે કોને મત આપ્યો તેવા પ્રશ્નોના ઉત્તર ટાળ્યા હતા. તેમણે કહ્યુ કે પરિણામ આવવાનું જ છે શું કામ છે ? ધીરજ રાખોને.

મતદારોએ આજે જે ઉત્સાહ મતદાનમાં દાખવ્યો છે તેને લઈ રાજકીય પક્ષોએ માત્ર તેમની વ્યુહરચના મતદારોને લઈ આવવાની સફળ રહી હોવાના દાવા સાથે વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આજે મતદાન દરમ્યાન ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામે મોકપોલ દરમ્યાન જ ઈ.વી.એમ.માં ક્ષતિ થતાં તેને બદલી નાખવામાં આવ્યુ હતુ.

આ ઉપરાંત માણસા તાલુકાના પુંધરા ગામે પણ એક બુથમાં મશીનમાં ક્ષતિ થતાં તે બદલવામાં આવ્યુ હતુ.

કલોલ નગરપાલિકામાં બે ઈ.વી.એમ. બગડતાં બદલવામાં આવ્યા હતા જ્યારે દહેગામ ન.પા.માં એક ઈ.વી.એમ. બગડતાં તે બદલવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે ફરજ પરના પોલીસ કર્મયોગી આરામ ફરમાવતા હોવાની વાતને લઈ રાજકીય ગરમાવો અને હોબાળો જરૂર થયો હતો.

જિલ્લામાં એકંદરે મતદાન શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં કોઈપણ અનિચ્છનીય બનાવ વિના સંપન્ન થયુ છે. જિલ્લામાં હવે ૨જી ફેબ્રુઆરીએ મતગણતરી ૬ સ્થાનો પર યોજાશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષક સુશ્રી જયશ્રીબેન દેવાંગને આજે ગાંધીનગર તાલુકાના મગોડી, શાહપુર અને આલમપુરના મતદાન મથકો ઉપરાંત દહેગામ તાલુકાના સાંપા, પાલૈયા, દહેગામ ન.પા.ના મતદાન મથકો તેમજ માણસા તાલુકાના બાલવાના મતદાન મથકો અને કલોલમાં ઉભા કરાયેલા સ્ટ્રોંગરૂમ અને મતગણતરી મથકોની મુલાકાત લીધી હતી.









### ગાંધીનગર જિલ્લામાં કઈ બેઠક પર કેટલુ મતદાન

| | |
|---|---|
| **● ગાંધીનગર** | |
| અડાલજ | ૬૧.૨૦ ટકા |
| છાલા | ૭૧.૧૪ ટકા |
| ચિલોડા(ડ) | ૬૦.૨૨ ટકા |
| ડભોડા | ૭૦.૩૧ ટકા |
| સાદરા | ૬૯.૨૮ ટકા |
| સરઢવ | ૬૩.૮૪ ટકા |
| ઉવારસદ | ૭૪.૯૨ ટકા |
| વલાદ | ૭૪.૮૦ ટકા |
| સરેરાશ | ૬૭.૯૬ ટકા |
| **● દહેગામ** | |
| અમરાજીનામુવાડા | ૭૩.૪૦ ટકા |
| બહિયલ | ૭૪.૬૭ ટકા |
| હાલીસા | ૭૨.૪૦ ટકા |
| હરખજીનામુવાડા | ૬૮.૯૬ ટકા |
| કડજોદરા | ૭૦.૫૬ ટકા |
| રખિયાલ | ૭૦.૮૬ ટકા |
| સાણોદા | ૭૧.૨૦ ટકા |
| સરેરાશ | ૭૧.૬૯ ટકા |



## જિલ્લામાં આજે ૬૫ થી વધુ સેન્ટરો પર કોરોના વેક્સીનેશનના બીજા રાઉન્ડ શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૬૦ થી વધુ વયના લોકોના વેક્સીનેશન માટે ગ્રામ્ય વિસ્તારમાં ૫૯ જેટલા કેન્દ્રો નિયત કરાયા છે તો ગાંધીનગર શહેરમાં ૬ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ થી વધુ વય ધરાવતા એક લાખ ૨૦ હજાર લોકોને આવરી લેવાનો લક્ષ્યાંક હોવાનું જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં પ્રથમ રાઉન્ડ કોરોના વેક્સીનેશનનો ૫ મી માર્ચ સુધીમાં સંપન્ન થઈ જશે. જિલ્લામાં બીજા રાઉન્ડની પણ તૈયારીઓ પુરી થઈ ચુકી છે.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ માણસા, કલોલ અને દહેગામના અર્બન હેલ્થ સેન્ટરો ઉપરાંત ૯ જેટલી પી.એચ.જે.વાય. યોજના હેઠળ સારવાર આપતી હોસ્પિટલોમાં વેક્સીનેશનનો આરંભ થશે.

જિલ્લામાં કોરોનાની સ્થિતિ હાલ નિયંત્રણ હેઠળ હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો અને રિકવરી રેટ ૯૬ ટકાથી વધુ હોવાનુ જણાવ્યુ હતુ. ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સીનેશનના બીજા રાઉન્ડ માટે ૬ સેન્ટર નિયત કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઉપરાંત ચાર અર્બન હેલ્થ સેન્ટર તેમજ સે. ૮નું દવાખાનુ નિયત કરવામાં આવેલ છે. શહેરમાં ૩૮ હજારથી વધુ લોકોને આવરી લેવાનું લક્ષ્યાંક હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

હવે જ્યારે કોરોના સામે રસીકરણ અભિયાન પણ દેશભરમાં શરૂ થયું છે ત્યારે ગુજરાતના સૌ વરિષ્ઠ નાગરિકોના સહકારથી આપણું રાજ્ય એમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો છે. વિજય રૂપાણીએ કહ્યું છે કે રાજ્ય સરકારે આ રસીકરણ અભિયાનની સંપૂર્ણ તૈયારીઓ પૂરી કરી લીધી છે.

રાજ્યભરની ૨૧૯૫ જેટલી સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો તેમજ ૫૩૬ જેટલા ખાનગી હોસ્પિટલ, દવાખાનાઓ મારફતે કોરોના રસીના ડોઝ આપવામાં આવશે. આ હેતુસર તાલીમબદ્ધ ડોક્ટર્સ તેમજ પેરા મેડિકલ સ્ટાફ સહિત અંદાજે ૩૦ હજાર જેટલા માનવ બળની સેવાઓ ઉપલબ્ધ બનવાની છે.

## ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરી, મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી

### લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત : વળતા શિયાળે વહેલી સવારે અને મોડીરાત્રે આછેરી ઠંડક વચ્ચે દિવસનો તાપ આકરો બન્યો : મોસમના બદલાતા મિજાજ વચ્ચે નગરમાં આકરા ઉનાળાની દસ્તક

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં દિનપ્રતિદિન વિદાય લેતી ઠંડી વચ્ચે ગરમીની મોસમનો પ્રારંભ થઈ રહ્યો હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. ગઈકાલની સાપેક્ષમાં આજે પણ મહત્તમ તાપમાન ૦.૬ ડીગ્રી વધ્યુ છે. મહત્તમ તાપમાન આજે ૩૬ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત પણ બેવડો થઈ ગયો છે. લઘુત્તમ તાપમાન ૧૮ ડીગ્રી ઉપર પહોંચી ગયુ છે. જેના લીધે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. ઓફિસ અને ઘરોમાં હવે બપોરના સમયે પંખા અને એ સી ધમધમતા થઈ ગયા છે. પાનખરની મોસમ વચ્ચે હવે આકરો ઉનાળાએ દસ્તક દેતા નગરજનો પણ ગરમ કપડા હટાવીને માથે કેપ અને ચશ્માામાં સજ્જ થઈને નિકળતા નજરે પડે છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૫ દિવસથી પાનખરની મોસમ નિખરી છે. નગરના માર્ગો પરની વનરાજી પીળા પર્ણોથી સજ્જ જોવા મળી રહી છે. જયારે દિવસ દરમિયાન સતત પીળા પાંદડાઓનો વરસાદ વરસતા નગરના માર્ગો પર સુકાયેલા પાંદડાઓનો ઢગ ખડકાયેલો જોવા મળે છે. બીજીતરફ વહેલી સવારે અને મોડી રાત્રે આછેરી ઠંડક વચ્ચે નગરજનો મોર્નિંગ વોક દરમિયાન મોસમની મજા માંણી રહ્યા છે. ત્યારે હવે ધીમે ધીમે ગરમીની મોસમ પણ નિખરી રહી છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો પણ ૩૫ ડીગ્રીની પાર જોવા મળે છે. દિવસની ગરમી હવે આકરી બની છે. બપોરનો તાપ ચામડીને દાહ આપી રહ્યો છે. આજે પણ ગરમીનો પારો ઉપર ચઢતા મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જેના લીધે દિવસ દરમિયાન આકારો તાપ અનુભવતા નગરજનોએ રજાના દિવસે ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કર્યુ હતુ. જયારે બપોરની આકરી ગરમી વચ્ચે પણ ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા તાલુકા પંચાયતોની ચુંટણીને અનુલક્ષી મતદારોનો ઉત્સાહ યથાવત જોવા મળ્યો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત જોવા મળી રહ્યો છે. દિવસનુ તાપમાન આજે ૩૬ ડીગ્રી રહ્ય હતુ જયારે લઘુત્તમ તાપમાન ૧૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન પણ ૧૮.૨ ડીગ્રીએ પહોંચતા ઠંડીનુ પ્રમાણ પણ ૧.૨ ડીગ્રી ઘટયુ હતુ. સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ ૮૩ થી ૨૯ વચ્ચે રહ્યુ હતુ. વાતાવરણમાં ગરમીનુ જોર વધતા નગરજનો પણ હવે ગરમ કપડા દુર કરી માથે ટોપી અને ચશ્મામાં સજ્જ જોવા મળી રહ્યા છે. જયારે રાત્રિના સમયે આઈસ્ક્રીમ પાર્લરો પર ચહલ પહલ વધી છે. દિવસ દરમિયાન શેરડીના રસના કોલા પર પણ ભીડ જોવા મળી રહી છે. આંખોને અને શરીરને ઠંડક આપતા તરબુચ , તેટી જેવા ફળોનુ વેચાણ પણ બજારમાં વધી ગયુ છે. ગરમીનો મિજાજ શરૂઆતથી જ આક્રમક જોવા મળી રહ્યો છે. શિવરાત પુર્વે જ નગરમાં ગરમીની મોસમે દસ્તક દેતા બદલાતી મોસમથી જન આરોગ્ય પણ પ્રભાવિત છે.

## શહેર - જિલ્લામાં નવા ૧૦ કેસ : ૯ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. શહેરમાં પાંચ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ પાંચ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં ચડ-ઉતર જોવા મળી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સ્થિતિ નિયંત્રણમાં ન આવી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે પણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પાંચ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા પાંચ કેસ પૈકી ૪ કૈસ મહિલા દર્દીના નોંધાયા છે જેથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા પાંચ કેસમાંથી એક મહિલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તાલુકાના વાવોલ ગામેથી બે કેસ, રતનપુરમાંથી એક, રાયસણમાંથી એક અને દંતાલીમાંથી ૧ કેસ મળી આવેલ છે. રતનપુર ગામેથી ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલ દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે ૪૧૦૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૬ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૬૬૧ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ પાંચ કેસ કોરોનાના મળી આવ્યા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.


શહેરમાં નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એલ.આઈ.સી.નો કર્મયોગી, ઈન્સ્પેક્ટર તેમજ બીઝનેસ કન્સલટન્ટનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨, ૪, ૫, ૧૩ અને ૨૪ માંથી કેસ મળી આવેલ છે. શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જ પુનઃ કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.


કૃમિમુકત બાળક : તંદુરસ્ત બાળક

૨૨ ફેબ્રુઆરી'૨૧ થી ૨ માર્ચ ૨૧ રાઉન્ડ ૨૦૨૧ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ



શુંઆપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં:

- કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેના કારણે હંમેશા થાક લાગે છે.
- સંપૂર્ણ શારિરિક અને માનસિક વિકાસપુ પુર્ણપણે થતો નથી.

કૃમિ સંક્રમણ ને અટકાવવું સહેલુ છે.







૧–૧૯ વર્ષનાં બધાજ બાળકોને સ્કુલ અને આંગણવાડીમાં કૃમિ નિયંત્રણ (ચાવવાની) ગોળી નિઃશુલ્ક આપાવામાંઆવશે.
સ્કુલ ન જતાં અને નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આ દવા નજીકની આંગણવાડીમાં ખવડાવો.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com